"Driving Salamat To Jivan Salamat"

अखिल गुजरात ट्रक ट्रान्सपोर्ट एसोसिएशन

AKHIL GUJARAT TRUCK TRANSPORT ASSOCIATION

૭૫, सहजानंद शॉपींग सेन्टर, स्वामी नारायण मंदिरनी सामे, शाहीबाग रोड, अहमदावाद-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple, Shahibag Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 2562 1447
E-mail : agtta.gujarat@yahoo.com Web : www.agtta.in

| President : | Acting President : | Hon. Secretary : |
|---|---|---|
| SHRI VASANBHAI G. AHIR | SHRI MAVJIBHAI B. DODIA | SHRI MUKESHBHAI C. DAVE |
| (Gandhinagar) | (Rajkot) | (Ahmedabad) |
| (O) 79-23250123/24 | (O) 0281-2481900 | (O) 02718-261516, 079-65449241, |
| Fax : 79-23250125 (M) 99250 25148 | Fax : 0281-2482186 (M) 96240 19991 | 079-65449187 (M) 98240 39477 |


**રેફ. નં. : એજીટીટીએ/૨૦૧૬-૧૭/૧૭** **તા.૦૯-૧૨-૨૦૧૬**

***ખાસ જરૂરી***

**પ્રતિશ્રી,**
**માન.શ્રી વિજયભાઈ રૂપાણી**
**માન.મુખ્યમંત્રીશ્રી**
**ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**

**વિષય : આર.ટી.ઓ. તેમજ ચેકપોસ્ટ ઉપર ઈ-પેમેન્ટની સુવિધા બાબત**

**માનનીયશ્રી,**

**સવિનય જણાવવાનું કે કેન્દ્ર સરકારે રૂા.૧૦૦૦ અને રૂા.૫૦૦ની નોટ રદ કર્યા બાદ દેશભરમાં યાતાયાતની પરીસ્થિતિ રૂંધાય નહી તે પ્રમાણે સમયાનુસાર "ફ્રી ટોલ પેસેજ" તેમજ પેટ્રોલીયમ પેદાશો ખરીદવા માટે જુની નોટો સ્વીકારવાની છુટ તેમજ કેન્દ્ર સરકાર કે રાજય સરકાર કે નગર પાલીકા-ગ્રામ પંચાયતના ભરણા માટે અમુક દિવસની છુટ આપી આમ જનતાને સવલત પ્રદાન કરેલ અને ધીમે ધીમે લોકોના માનસમાં ઈ-પેમેન્ટ તેમજ પ્લાસ્ટીક મની તરફ વળવાનો આગ્રહ માટે પ્રીન્ટ મીડીયા અને ઈલેકટ્રોનીક મીડીયા દ્વારા સમજ આપેલ.**

**આ ઉપરાંત રોકડ વ્યવહારના બદલામાં ઈ-પેમેન્ટ તેમજ ક્રેડીટ/ડેબીટ કાર્ડ દ્વારા પેમેન્ટ કરનારને ઘણી બધી પ્રોત્સાહક છુટ પણ આપેલ છે, જેમ કે પેટ્રોલીયમ પેદાશો ઉપર ૦.૭૫%ની છુટ, ટોલ પેમેન્ટમાં ૧૦%ની છુટ, જનરલ ઈન્સ્યોરન્સમાં નવી પોલીસી ઉપર ૮%ની છુટ તેમજ જીવન વીમાના પ્રીમીયમના પેમેન્ટમાં ૧૦% છુટ.**

**આવી જ રીતે ગુજરાત રાજયમાં રજીસ્ટર્ડ થયેલ જુદા જુદા પ્રકાર/ક્ષમતાના વ્યાપારીક વાહનોને જે-તે આર.ટી.ઓ. કચેરીમાં વાર્ષિક/અર્ધ વાર્ષિક ટેક્ષના પેમેન્ટ તેમજ નેશનલ પરમીટની વાર્ષિક ફીના પેમેન્ટ તેમજ રાજયની બધી ચેકપોસ્ટો ઉપર ગુજરાતના તેમજ પરપ્રાંતના વાહનોને દંડકીય કે બીજા કોઈપણ પ્રકારના પેમેન્ટમાં ડીજીટલ પેમેન્ટની વ્યવસ્થા કરવાની પહેલ આપણાં રાજય સરકાર દ્વારા કરવામાં આવે તેવી નમ્ર વિનંતી.**

**આ બાબતે ટ્રાન્સપોર્ટ વિભાગમાં પણ જુદા જુદા પ્રકારના ઈ-પેમેન્ટની વ્યવસ્થા અંગે અમોને રૂબરૂ રજુઆત અર્થે મળી વિચાર વિમર્શ કરવા સમય મળે તેવી વ્યવસ્થા કરાવવા વિનંતી.**

**આભાર સહ,**

**આપનો વિશ્વાસુ,**

**મુકેશભાઈ સી. દવે**
**(માનદમંત્રી)**

**નકલ રવાના : ૧. માન.શ્રી ડૉ. જે. એન. સીંગ સાહેબ-મુખ્ય સચિવ-ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**
**૨. માન.શ્રી વિપુલ મિત્રા સાહેબ-અગ્રસચિવ-બંદરો અને વાહન વ્યવહાર વિભાગ-ગુજરાત રાજ્ય, ગાંધીનગર.**